# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **બનાસકાંઠામાં ફટાકડાના ગોડાઉનમાં સર્જાયેલી દુર્ઘટના મામલે ગોડાઉનના માલિક પિતા - પુત્રની ધરપકડ.**
2. **રાજ્યમાં દેશની પહેલી રાષ્ટ્રીય સહકારી વિશ્વ-વિદ્યાલયની સ્થાપના કરાશે.**
3. **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે હડતાળ કરતા આરોગ્ય કર્મચારીઓને ચાર એપ્રિલ સુધી ફરજ પર હાજર થવા અપીલ કરી.**
4. **કચ્છ, પોરબંદર, ભાવનગર અને દીવમાં આજે હીટવેવની આગાહી.**
5. **મહારાષ્ટ્રમાં રાષ્ટ્રીય વુડબૉલ સ્પર્ધામાં પાટણનાં ખેલાડી મમતા પટેલે સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BANASKANTHA TRAGEDY - 1

બનાસકાંઠામાં ડીસા તાલુકાના ફટાકડાના ગોડાઉનમાં સર્જાયેલી દુર્ઘટ નામાં મધ્યપ્રદેશના 21 શ્રમિકના મોત નીપજ્યા છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , સ્થાનિક ગુનાશાખા- LCBએ આ મામલે ફેક્ટરીના માલિક પિતા અને પુત્રની ધરપકડ કરી છે. આ ઉપરાંત એક વ્યક્તિની પણ અટકાયત કરવામાં આવી છે. હાલમાં મધ્યપ્રદેશથી અધિકારીઓ ડીસા સિવિલ હૉસ્પિટલ ખાતે આવી પહોંચ્યા છે. આ. કેસની તપાસ માટે વિશેષ તપાસ સમિતિ- S.I.T.ની રચના પણ કરવામાં આવી છે. બીજી તરફ ગોડાઉનમાંથી 21 લોકોના મૃતદેહ કબજે કરાયા હોવાનું બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું

## (બાઈટ – બનાસકાંઠા જિલ્લા કલેક્ટર)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમજ ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી. શ્રી મોદીએ કહ્યું , દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાય અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં , મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્ત શ્રમિકોને 50-50 હજાર રૂપિયાની આર્થિક સહાયની રકમ આપવાની જાહેરાત કરી છે.

આ પહેલા ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક વ્યકત કરતાં મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરી હતી.

---

## TRIBHUVAN UNI

રાજ્યમાં દેશની પહેલી રાષ્ટ્રીય સહકારી વિશ્વ-વિદ્યાલયની સ્થાપના કરાશે. રાજ્યસભામાં ગઈકાલે ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય વિધેયક 2025 સર્વાનુમતે પસાર કરાયું હતું. લોકસભામાં પહેલા જ આ વિધેયક પસાર થઈ ગયું છે.

આ વિધેયકમાં આણંદની ગ્રામ્ય વ્યવસ્થાપન સંસ્થાને એક વિશ્વ-વિદ્યાલય તરીકે સ્થાપિત કરવાની જોગવાઈ છે. તેને હવે ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય તરીકે ઓળખવામાં આવશે. તેમજ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા પણ જાહેર કરાશે. આ સંસ્થા સહકારી ક્ષેત્રમાં ટેક્નિકલ અને વ્યવસ્થાપન શિક્ષણ અને તાલીમ અપાશે.

---

## CABINET MEET

ગાંધીનગરમાં આજે સવારે મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે , બનાસકાંઠાના ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં થયેલી દુર્ઘટના મામલે બેઠકમાં ચર્ચા કરાશે. દરમિયાન અંદાજપત્ર સત્ર બાદ વિભાગોની નવી યોજનાઓની અમલવારી અંગે પણ ચર્ચા થઈ શકે છે. આ ઉપરાંત ઉનાળા દરમિયાન રાજ્યના જળાશયો અને પાણીની સ્થિતિ સંદર્ભે પણ સમીક્ષા કરાશે.

રામનવમી સહિતના તહેવારને લઈ રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થાની પણ ચર્ચા મંત્રીમંડળની બેઠકમાં કરાશે.

---

# NILAM PARIKH DEMISE

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં પ્રપૌત્રી નિલમબેન પરીખનું ગઈકાલે અવસાન થયું છે. મળતી માહિતી મુજબ , 93 વર્ષની વયે નિલમબેન પરીખે નવસારીમાં અંતિમ શ્વાસ લીધાં હતાં. આજે તેમનાં અંતિમ સંસ્કાર કરાશે.

---

# NIMUBEN BAMBHANIYA BHAVNAGAR

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા આજે ભાવનગર શહેરના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. શહેરમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આજે ત્રણ કરોડ 86 લાખ રૂપિયાના ખર્ચે કુંભારવાડા મેઈન પમ્પિંગ સ્ટેશન અને બાથાભાઈ લિફ્ટ પમ્પિંગ સ્ટેશનના નવીનીકરણના કાર્યોનું ખાતમુહૂર્ત કરાશે.

---

# HEALTH MINISTER ON STRIKE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગત 15 દિવસથી હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓને ચાર એપ્રિલ સુધી ફરજ પર હાજર થવા જણાવ્યું છે. શ્રી

પટેલે કહ્યું, આરોગ્ય કર્મીઓને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. પગાર વધારાની બાબત સરકારની વિચારણા હેઠળ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

**(બાઈટઃ ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)**

---

# WEATHER

હવામાન વિભાગે આજે કચ્છ , પોરબંદર, ભાવનગર અને દીવમાં અતિશય ગરમીનું મોજું ફરી વળવાની- હીટવેવની આગાહી કરી છે. જ્યારે પોરબંદરમાં ઑરેન્સ અલર્ટ તેમજ અન્ય જગ્યાએ યલો અલર્ટ જાહેર કર્યું છે. દરમિયાન આગામી સાત એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની પણ શક્યતા છે. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે માહિતી આપી.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

---

# PATAN GOLD MEDAL

મહારાષ્ટ્રમાં 19-મી રાષ્ટ્રીય વુડબૉલ સ્પર્ધામાં પાટણનાં ખેલાડી મમતા પટેલે સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે , નાગપુર ખાતે યોજાયેલી સ્પર્ધામાં સિદ્ધપુરની ગોકુલ ગ્લૉબલ યુનિવર્સિટીના સાત

ખેલાડીએ ભાગ લીધો હતો. તેમાંથી મમતા પટેલે સુવર્ણ અને અંશુ અગ્રવાલે રજત ચંદ્રક મેળવ્યો છે.

---

## SKATING

ઉત્તરાખંડ ખાતે યોજાયેલી અખિલ ભારતીય રાષ્ટ્રીય સ્કેટીંગ ચેમ્પિયનશીપમાં જૂનાગઢનો વિદ્યાર્થી પ્રથમ ક્રમાંકે રહ્યાં છે. હરિદ્વાર ખાતે યોજાયેલી અંડર -14 શ્રેણીમાં 1000-500 મીટર ઈનલાઈન સ્કેટીંગ સ્પર્ધામાં જૂનાગઢના ધોરણ- 7 માં અભ્યાસ કરતા ઉર્વિક રાઠોડે બે સુવર્ણ ચંદ્રક જીત્યા છે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સન્માનપત્ર અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

---

## GST INCOME

રાજ્યના કર વિભાગને ગત માર્ચ મહિનામાં વસ્તુ અને સેવા કર- G.S.T. હેઠળ છ હજાર 193 કરોડ રૂપિયાની આવક થઈ છે. સત્તાવાર યાદી મુજબ , વર્ષ 2024-25માં રાજ્યના કર વિભાગને GST હેઠળ 73 હજાર 281 કરોડ રૂપિયાની આવક થઈ છે, જે વર્ષ 2023-24માં થયેલી આવકથી 14 ટકા વધુ છે.

ઉપરાંત કર વિભાગને માર્ચમાં વેલ્યુ એડેડ ટેક્સ- વેટ હેઠળ બે હજાર 793 કરોડ, વિદ્યુત વેરા હેઠળ એક હજાર 325 કરોડ અને વ્યવસાય વેરાના માધ્યમથી 24 કરોડ રૂપિયાની મળી કુલ આવક 10 હજાર 335 કરોડ રૂપિયા થઈ છે.

---

# AMC - SUMMER

ગરમીની ઋતુમાં નગરજનોને વાહનવ્યવહાર સહિત અન્ય સુવિધાઓમાં તકલીફ ન પડે તે માટે અમદાવાદ  મહાનગરપાલિકાએ પૂરતી તૈયારીઓ શરૂ કરી દીધી છે. વધુમાં અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ માહિતી આપી.

## બાઇટ : દેવાંગ દાણી

---